# કાશીબાનું રસોડું

–આનન્દરાવ લીંગાયત

‘હલો….’

‘અલ્યા, કાશીબા આવ્યાં છે. તને બહુ યાદ કરે છે.’ પ્રવીણનો અવાજ હતો.

‘કાશીબા? આપણી કૉલેજવાળાં કાશીબા?’ મને આશ્ચર્યનો ધક્કો લાગ્યો.

‘કેવી રીતે આવ્યાં? એમની ઉંમર તો..’

‘હું ઈન્ડીયા ગયો હતો. મારી સાથે પરાણે ખેંચી લાવ્યો છું. બીજી વાત પછી..’ એણે ફોન મુકી દીધો.

કાશીબાના હાથના રોટલા ખાઈને જ તો પ્રવીણ આજે શીકાગોનો મોટો શ્રીમંત ઉદ્યોગપતી બની ગયો છે.

મારી સ્મૃતીમાં રહેલી કાશીબાની યાદ સળવળી ઉઠી. એમની સાથે કશું સગપણ તો નહોતું. ‘દર મહીનાની પહેલી તારીખે પૈસા લો અને તમારે રસોડે અમને જમાડો.’ બસ, આ અમારું સગપણ. અમે કુલ ચાર વીદ્યાર્થીઓ હતા. નવા નવા કૉલેજના પહેલા વર્ષમાં દાખલ થયેલા. સાંકળમુકડ ભાડાની એક રુમમાં રહેતા અને સામે આવતી જીન્દગી વીશેના જાતજાતનાં રંગબેરંગી સપનામાં રાચતા રહેતા.

કાશીબાના રસોડા વીશે પ્રવીણે જ કહેલું એટલે અમે એમને મળવા પહોંચી ગયેલા. અમારા રુમની નજીક જ હતાં. જગ્યા બહુ નાની હતી. એક જ રુમ હોય એવું લાગ્યું. એક ખુણામાં પીત્તળના બે સ્ટવ પડ્યા હતા. સ્ટવની બાજુમાં એક નાના ખોખામાં દીવાસળીની પેટી, સ્ટવની એકબે પીન અને સ્ટવ સળગાવવાનો કાકડો પડ્યાં હતાં. બાજુના પાણીયારા પર બે માટલાં અને પીત્તળનો ડોયો લટકતો હતો. બારણા પાછળના ખુણામાં ગ્યાસતેલનો ડબ્બો અને પંપ મુકેલા હતા. લાકડાનો એક પટારો દેખાતો હતો એમાં એમની બીજી બધી ઘરવખરી હશે એવું લાગતું હતું.

‘આવો, ભૈ….’ કાશીબા એક કથરોટમાં લોટ ચાળતાં હતાં. એ બંધ રાખી એમણે લોટની એ કથરોટ અને ચાળણી બાજુમાં મુક્યાં અને અમને આવકાર્યા. અમે પલાંઠી વાળીને નીચે ગોઠવાઈ ગયા.

'નમસ્તે કાશીબા....' કહી મેં શરુઆત કરી. 'કાશીબા, અમારે તમારા રસોડામાં જમવાની ગોઠવણ કરવી છે.'

'તમારા ચાર જણ માટે ?'

'હા,' મેં કહ્યું.

'ભૈ, ચાર જણાનું રાંધવાનું તો મારાથી નહીં પહોંચી વળાય. અત્યારે મારે ત્યાં બે જણ જમે છે. એમાંથી એક જણ ભણી રહ્યો છે, એટલે એ જવાનો છે. એની જગ્યાએ હું એક જણને જમાડું. બહુ તો બે જણાને. ચારે જણાને તો નહીં. પણ ભૈ, તમને અહીં મારે ત્યાં આવવાનું કોણે કહ્યું?'

'એણે જ. જે ભણી રહ્યો છે એ પ્રવીણે જ. અમે એમને ઓળખીએ છીએ.. એ હવે અમેરીકા જાય છે.'

'એ તો મને કહેતો હતો કે પરદેશ જવાનો છે!'

'એ જ, પરદેશ એટલે જ અમેરીકા. ત્યાં ભણવા જવાનો છે.'

'એ મુઓ, ભણવામાં બહુ હોશીયાર. પણ ખાવા–પીવામાં જરાયે ધ્યાન નહીં. ધમકાવીને પરાણે મારે એની થાળીમાં મુકીને ખવરાવવું પડે. ભૈ, ઉગતું શરીર હોય એટલે શરીરને બરાબર પોષણ તો આપવું જ પડે ને! આ ભાવે ને પેલું ન ભાવે એવું નાના છોકરા જેવું કંઈ ચાલે? ચાર વરસથી હું એને જમાડતી આવી છું; પણ મારે તો રોજનો જ કકળાટ.'

એમ કહીને કાશીબા એકાએક ગળગળાં થઈ ગયાં. એમના 'મુઓ' શબ્દમાં પણ વહાલ હતું. આંખો ને નાક લુછી આગળ બોલ્યાં, 'એ જમવા નહીં આવે તે દહાડે મને ....' અમે ગમગીન બનીને કાશીબા તરફ જોતાં જ રહ્યા.

'ભૈ, બહુ હારુ.... એ તો જ્યાં જશે ત્યાં ભણીને નામ કાઢશે. મને કહ્યા કરતો હતો કે અહીંની કૉલેજમાં પણ પોતે પહેલા નંબરે પાસ થાય છે. ભૈ, છોકરો ભલો અને સીધો છે. નોકરી કે ધંધો કરીને બહુ કમાશે. ફક્ત એના ખાવા–પીવાનું ધ્યાન રાખે એવી બૈરી એને મળી જાય, એટલે બસ.'

કાશીબાને ત્યાં જમનારા છોકરાઓ માત્ર એમના 'ઘરાક' જ નહોતા તે આ વાતચીત દરમીયાન મેં કાશીબાને બરાબર ઓળખી લીધાં. એ માત્ર પૈસા માટે રાંધવાવાળાં 'રસોયણ બાઈ' નહોતાં. પૈસા લઈને જમાડવા કરતાં કાળજી વધારે રાખતાં. સાથે 'વાત્સલ્ય' અને 'માતૃત્વ' પણ પીરસતાં.

કાશીબા હા–ના કરતાં રહ્યાં અને સમજાવી–પટાવીને મેં અમારા ચારેનું જમવાનું એમને ત્યાં ગોઠવી દીધું. પહેલા મહીનાના પૈસા પણ આપી દીધા. કાશીબાએ અઠવાડીયાની વાનગીમાં શું શું જમાડશે તે અમને સમજાવી દીધું. એક કડક સુચના પણ આપી દીધી. થાળીમાં સહેજ પણ એંઠું રાખીને અનાજ અને પૈસાનો બગાડ પોતે નહીં ચલાવી લે. ભાવે કે ન ભાવે, બધું જ ખાવાનું.

કાશીબાની મારા પર બહુ ઉંડી અને ઉમદા છાપ પડી. વીધવા હતાં. પચાસેકની ઉમ્મર, પ્રેમાળ અને સૌમ્ય ચહેરો. એકલે હાથે જીન્દગી સામે ટક્કર ઝીલી રહ્યાં હોય એવું લાગ્યું.

* * *

ચારેક મહીના વીત્યા. અમારું ભણતર બરાબર ગોઠવાઈ ગયું હતું. કાશીબાને ત્યાં જમવાનું તો અમે ધાર્યું હતું તેના કરતાં ક્યાંય વધારે સારી રીતે જામી ગયું હતું. અમે ચારે જણા એકસાથે જમવા જઈ શકતા નહોતા. મને બે ત્રણ ટ્યુશનો મળી ગયાં હતાં. એટલે હું અનીયમીત થઈ ગયો હતો. પણ કાશીબા મારી થાળી બરાબર ઢાંકીને મારી રાહ જોતાં. હું પહોંચું કે સ્ટવ પર બધું ફરી ગરમ કરીને મને વહાલથી જમાડતાં.

એક સાંજે હું જમતો હતો.

‘અલ્યા, પેલો રમણ ગઈકાલે સાંજે જમવા ન્હોતો આયો. આજે બપોરે પણ નહીં દેખાયો. કમ નો આયો ?’ દાળ પીરસતાં કાશીબાએ પુછ્યું.

‘કાશીબા, એને શરદી–તાવ છે. એટલે સુઈ રહ્યો છે.’

‘સાવ ભુખ્યો? પેલા બે જણા આવીને જમી ગયા; પણ મને કશું કહ્યું નહીં! તુંયે મુંગો રહ્યો છું.’ કાશીબાએ મને તતડાવ્યો.

એમણે તરત બે ઢેબરાં બનાવી નાખ્યાં. ચોખાની બે પાપડી શેકી નાખી. અભેરાઈ પરથી નાનું થરમસ ઉતાર્યું. આદુનો ઉકાળો બનાવીને તેમાં ભર્યો.

‘આ લઈ જા. ગરમ ગરમ એને પીવરાવજે. મસાલાવાળાં થેપલાં અને આ પાપડીથી એનું મોઢું સારું થશે. પેટમાં રાહત થશે. તમારી રુમમાં બામ કે એવી કોઈ દવા રાખો છો ? નહીંતર આ ડબ્બી લઈ જા. એના કપાળે ઘસજે. સાજે–માંદે એકબીજાની કાળજી રાખતા રહો. ચાર ભાઈઓની જેમ પ્રેમથી જીવો. બાકી આ દુનીયામાં બીજું કંઈ નથી.’

* * *

દર રવીવારે કાશીબા અમને મીઠાઈ જમાડતાં. વાનગીઓ પણ વધારે બનાવતાં; પણ પછી સાંજે રસોડું બન્ધ ! એમને એટલો આરામ મળતો. અમે સાંજે ભુખ્યા ન રહીએ માટે અમને થોડી મીઠાઈ અને બીજું કોરું સાથે બાંધી આપતાં.

એક રવીવારની સાંજે બસમાંથી ઉતરીને હું મારી રુમે જતો હતો. સામે કાશીબા મળ્યાં. બહુ જ અસ્વસ્થ લાગતાં હતાં. એક હાથમાં શાકભાજીની મોટી થેલી હતી. બીજા હાથમાં નાની થેલી હતી. તે થેલી છાતી સરસી દાબીને ઉતાવળે પગલાં માંડતાં હતાં.

'કાશીબા, લાવો, આ શાકની થેલી મને આપી દો. હું આવું છું તમારી સાથે.' પરાણે મેં થેલી લઈ લીધી. અમે કાશીબાની ઓરડીએ પહોંચ્યાં. કાશીબાએ ચાવી કાઢીને તાળું ખોલ્યું. મેં શાકની થેલી દીવાલ પાસે મુકી. પેલી નાની થેલી કાશીબા ખીંટી ઉપર લટકાવવા જતાં હતાં; પણ થેલી નીચે પડી ગઈ. એમાંથી ફ્રેમ કરેલો એક ફોટો બહાર પડ્યો.

'આ કોનો ફોટો છે, કાશીબા?' ફોટો ઉઠાવતાં મેં પુછ્યું.

કાશીબા ધ્રુસકે ચડી ગયાં.

'બેટા આ મારો એકનો એક દીકરો હતો. એ અને એના બાપા બન્ને જણા એક ખટારાની હડફેટમાં આવીને ગુજરી ગયા. આજે હોત તો તારી ઉમ્મરનો હોત. આજે એનો જન્મ દીવસ છે. એટલે મંદીરે પગે લગાડવા લઈ ગઈ'તી.'

કાશીબાને ત્યાં જમતા બધા છોકરાઓમાં એમને એમના આ દીકરાનું પ્રતીબીમ્બ દેખાતું હશે. માટે જ આટલો પ્રેમ આપીને બધાને લાડથી જમાડતાં હશે.

આ સંસારમાં કાશીબા તો એકલાં જ હતાં.

–આનન્દરાવ લીંગાયત

સર્જક–સમ્પર્ક :

ANANDRAV LINGAYAT

23834-Palomino Dr., Diamond Bar, CA 91765-USA Phone :909 345 7750

eMail: gunjan_gujarati@yahoo.com

લેખકના 'ગુંજન' માસીકમાં પ્રકાશીત થયેલી ડૉ. જયન્ત મહેતા લીખીત વાર્તા 'કમુબહેન' અમે અમારી તા. 7 ઑગસ્ટ, 2005ની 11મી **'સ.મ.'**માં પ્રકાશીત કરી હતી, જેણે વાચકોની જબરી

ચાહના મેળવેલી. હજી આજેયે તે, વાર્તાચાહક વાચકોમાં ફરતી રહે છે.

http://www.gujaratilexicon.com/literature/sundayemahefil/400 તમારા વાંચવામાં નહીં આવી હોય તો અમારી ઉપરની લીંક **પર** ક્લીક કરી ડાઉનલોડ કરવા વીનન્તી છે. મીત્ર આનન્દરાવનો ફોટો અને અને એમનો ટુંક પરીચય પણ તેમાંથી મળી રહેશે.

ભાઈ આનન્દરાવની પોતાની બીજી એક મઝેની વાર્તા ‘મુળીબા’ અમે ‘સ.મ.’માં પ્રકાશીત કરેલી. તે વાંચવા નીચેની લીંક પર ક્લીક કરતાં જ તે વાર્તા નજર સામે આવશે :

http://www.gujaratilexicon.com/literature/sundayemahefil/ 160

આ ‘કાશીબા’ પણ એમના ‘ગુંજન’ માસીકમાંથી લેખકશ્રીની અનુમતીથી સાભાર લેવામાં આવી છે.

..ઉત્તમ.મધુ ગજ્જર..

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: તેરમું – અંક: 398 –April 15, 2018

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,49,31,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 95,06,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,93,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 9,26,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@